-::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::
કચ્છ જિલ્લાના મોટર એકસીડન્ટ કલેઇમ ટ્રીબ્યુનલ(સહાયક–૬), ભુજની અદાલતમાં
-::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--

<u>એમ.એ.સી.પી.નંબર ૨૫૩/૨૦૨૩</u>

આંક	:–60			
દાખલ તારીખ	:– 18–5–23			
રજીસ્ટર લીધા તારીખ	:– 18–5–23			
નિકાલ તારીખ	:–30–3–26			
		વર્ષ	માસ	દિવસ
સમયગાળો	:–	2	10	17

સલીના અલ્તાફ લંગા,ઉ.વ.૨૦,
ધંધો : સિવણકામ અને ઘરકામ હાલે કાંઇ નહી,
રહે.ભારાપર,તા.ભુજ–કચ્છ. **અરજદાર**

વિરુધ્ધ

<u>સુઝુકી એકસેસ નં.જી.જે.–૧૨–ઇ.કયુ.–૧૨૭૦ના ચાલક માલિક અને વિમા કંપની</u>

૧. **અલ્તાફ સીદીક લંગા,**ઉ.વ.૪૨,
(તે સુઝુકી એકસેસ નં.જી.જે.૧૨–ઇ.કયુ.–૧૨૭૦ ના ચાલક),
રહે.ભારાપર,તા.ભુજ–કચ્છ.
૨. **બિલ્કીશબાનુ અલ્તાફ લંગા,**ઉ.વ.પુખ્ત,
(તે સુઝુકી એકસેસ નં.જી.જે.૧૨–ઇ.કયુ.–૧૨૭૦ ના માલીક),
રહે.ભારાપર,તા.ભુજ–કચ્છ.
૩. **મેગ્મા એચ.ડી.આઇ.જનરલ ઇન્સ્યોરન્સ કું.લી.,**
(તે સુઝુકી એકસેસ નં.જી.જે.૧૨–ઇ.કયુ.–૧૨૭૦ ની વિમા કંપની),ગાંધીધામ–કચ્છ.
૪. **નોડલ ઓફીસર,**
મેગ્મા એચ.ડી.આઇ.જનરલ ઇન્સ્યોરન્સ કું.લી.,
ગાંધીધામ–કચ્છ. **સામાવાળા**

બાબત : વળતરની રકમ રૂા.૧૨,૦૦,૦૦૦–૦૦ મેળવવા અંગે.

અરજદાર તરફે	:–	વિધ્વાન વકીલશ્રી એમ.ઝેડ.સૈયદ
સામાવાળા નં.૧–૨ તરફે	:–	વિધ્વાન વકીલશ્રી કોઇ નહી.
સામાવાળા નં.૩–૪ તરફે	:–	વિધ્વાન વકીલશ્રી જી.આર.પ્રજાપતિ

-: ઠરાવ :-

(૧) હાલની વળતર અરજી તા.૧૧/૪/૨૦૨૩ ના બપોરના કલાક : ૧૫-૦૦ ના અરસામાં માનકુવા પોલીસ સ્ટેશનની હદમાં,ભારાપર સેનેટરીની બાજુમાં રોડ પર,તા.માનકુવા-કચ્છ પાસે થયેલ અકસ્માતમાં અરજદારને થયેલ ઈજાઓનું વળતર મેળવવા માટે ઉપસ્થિત થયેલી છે.

(૨) હાલની વળતર અરજીની ટુંકમાં હકીકત એ મતલબની છે કે, બનાવના દિવસે એટલે કે તા.૧૧/૪/૨૦૨૩ ના રોજ આ કામના અરજદાર સામાવાળા નં.૨ ની માલીકીની સુઝુકી એકસેસ નં.જી.જે.૧૨.ઈ.કયુ.૧૨૭૦ વાળીમાં પાછળ બેસીને મુસાફરી કરી રહેલ હતા અને સદરહુ વાહન સામાવાળા નં.૧ પુરઝડપે,બેદરકારીથી અને ગફલતભરી રીતે રસ્તાના નિયમોનું ઉલ્લંઘન કરી અન્યોની જાનમાલની પરવાહ કર્યા વિના ચલાવી રહેલ હતા અને જયારે બનાવ સ્થળે પહોંચેલ કે જે વણાંકવાળો રસ્તો છે ત્યાં પહોંચેલ ત્યારે સામાવાળા નં.૧ બેધ્યાન થઇને વાહન ચલાવતા હોવાના કારણે સામેથી આવતી ફોર વ્હીલર ગાડી જોઇને હેબતાઇ ગયેલ જેથી વાહન સ્ટેરીંગ પર કાબુ રાખી શકેલ નહી જેના કારણે વાહન સ્લીપ થઇ નીચે પડતા અકસ્માત થયેલ અને તેમાં અરજદારને ગંભીર ઈજાઓ થયેલ અને આ અકસ્માત સામાવાળા નં.૧ વાહનના ચાલકની બેદરકારીના લીધે બનેલ છે અને સામાવાળા નં.૨ સદર વાહનના માલીક છે અને સામાવાળા નં.૩ સદર વાહનની વિમા કંપની છે તે રીતે સામાવાળાઓ આ કામના અરજદારને સંયુકત તેમજ પૃથ્થક પૃથ્થક રીતે વળતર ચુકવવા માટે હકકદાર છે અને અરજદાર તેઓ પાસેથી વળતર મેળવવા હકકદાર હોઈ હાલની વળતર અરજી લાવેલા છે.

(૩) વધુમાં,અરજદાર જણાવે છે કે, અકસ્માતના લીધે અરજદારને શરીરમાં જુદા જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ થયેલ છે અને અકસ્માતના લીધે કાયમ પ્રકારની શારિરીક ખોટ આવી ગયેલ છે અને તેના લીધે અરજદાર અગાઉની જેમ કોઇપણ પ્રકારનું કામ કરી શકે તેમ નથી તેમજ ઉઠવા બેસવામાં તથા ચાલવામાં અને ઉભા રહેવામાં તકલીફ પડે છે.જેથી નીચે મુજબ વળતરની માંગણી કરેલ છે.

૧.	પ્રથમ છ માસની આવક ગુમાવવાના	રૂા.૦૦,૯૦,૦૦૦−૦૦
૨.	ભવિષ્યન આવક ગુમાવવાના	રૂા.૧૦,૦૦,૦૦૦−૦૦
૩.	દુ:ખ,દર્દ,વેદના વિગેરેના	રૂા.૦૦,૫૦,૦૦૦−૦૦
૪.	જીંદગીનો આનંદ ગુમાવવાના	રૂા.૦૦,૫૦,૦૦૦−૦૦
૫.	મેડીકલ ખર્ચના	રૂા.૦૦,૫૦,૦૦૦−૦૦
૬.	પૌષ્ટીક આહાર,વાહન તથા એટેન્ડન્ટના	રૂા.૦૦,૩૫,૦૦૦−૦૦
	કુલ રૂપીયા	**રૂા.૧૨,૭૫,૦૦૦−૦૦**

આમ, અરજદાર રૂા.૧૨,૭૫,૦૦૦/− વળતરની રકમ મેળવવા હકકદાર છે તેમ છતાં પોતાની વળતરની રકમનો દાવો રૂા.૧૨,૦૦,૦૦૦/− સુધી સિમિત રાખેલ છે તેમ જણાવેલું છે અને તેઓએ વળતરની રકમ પર ૧૮% % વ્યાજની માંગણી કરેલી છે.

(૪) આ કામે વળતર અરજીની નોટીસ બજવા છતાં આ કામના સામાવાળા નં.૧−૨ જાતે કે તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર રહેલા નથી કે કોઇ અરજી કે જવાબ રજુ રાખેલ નથી.જયારે આ કામે સામાવાળા નં.૩−૪ વિમા કંપની તરફે તેમના વિધ્વાન વકીલશ્રી હાજર રહેલા છે અને તેઓએ આંક−૪૩ થી જવાબ રજુ રાખેલ છે અને અરજદારની અરજીની હકીકતો ખરી નથી,સામાવાળા નં.૧ બનાવ સમયે કાયદેસરનું ડ્રાઇવીંગ લાયસન્સ ધરાવતા હોય તેવી હકીકત અરજદારે પુરવાર કરેલ નથી,આ કામે વિમા કંપનીની પોલીસીનો પણ ભંગ થયેલ છે જેથી વિમા કંપની વળતર આપવા માટે જવાબદાર બનતી નથી,આ કામે સામાવાળા નં.૧ વિરુધ્ધ કોઇ એફ.આઇ.આર.પણ દાખલ થયેલ નથી જેથી અકસ્માતમાં સામાવાળા નં.૧ની બેદરકારી હતી તેવી હકીકત અરજદાર પુરવાર કરી શકેલા નથી જેથી સામાવાળાઓ અરજદારને કોઇ વળતર ચુકવવા માટે જવાબદાર બનતા નથી.

(૫) સદરહુ અરજીના અનુસંધાને અત્રેની અદાલતે આંક−૧૨ થી નીચે મુજબના મુદાઓ ધડેલા છે.

ISSUES

(1) Whether petitioner prove that alleged injury caused due to the use of Motor Vehicle?

(2) Whether petitioner prove that they are entitled for any compensation from the opponents ? if yes, what amount of compensation should be allowed ?

(3) What is order ?

(૬) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) અંશત : હકારમાં આખરી હુકમ મુજબ

(૩) આખરી હુકમ મુજબ

(૭) અરજદાર તરફથી નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલા છે.

મૌખિક પુરાવો :–

૧.	અરજદાર,સલીના અલ્તાફ લંગાનું સોગંદનામું	આંક–૧૬

દસ્તાવેજી પુરાવો :–

૧.	માનકુવા પોલીસ સ્ટેશનમાં થયેલ એમ.એલ.સી.	આંક–૨૦
૨.	સ્થાનિક જગ્યાનું પંચનામું	આંક–૨૧
૩.	સામાવાળાના વાહનની આર.સી.બુક	આંક–૨૨
૪.	સામાવાળાના વાહનની વિમા પોલીસી	આંક–૨૩
૫.	અરજદારની ડીસ્ચાર્જ સમરી	આંક–૨૪
૬.	અરજદારનું ઓપીડી કેસ પેપર્સ	આંક–૨૫
૭.	અરજદારનું ઓપીડી કેસ પેપર્સ	આંક–૨૬
૮.	અરજદારનું ઓપીડી કેસ પેપર્સ	આંક–૨૭
૯.	અરજદારનું ઓપીડી કેસ પેપર્સ	આંક–૨૮
૧૦.	અરજદારનું ઓપીડી કેસ પેપર્સ	આંક–૨૯
૧૧.	અરજદારનું આધારકાર્ડ	આંક–૩૦
૧૨.	અરજદારના મેડીકલ બિલો લીસ્ટ સાથે	આંક–૩૧
૧૩.	અરજદારનું ખોડ બાબતનું સર્ટી	આંક–૪૬

(૮) ઉપરોકત પુરાવો રજુ થયા બાદ અરજદાર તરફે આંક–૪૭ થી પુરાવો પુર્ણ થયાની પુરશીશ રજુ કરવામાં આવેલ છે.ત્યારબાદ સામાવાળા નં.૩ તરફે પણ કોઇ પુરાવો રજુ થયેલ નથી અને આંક–૪૮ થી પુરાવો પુર્ણ થયાની પુરશીશ રજુ કરવામાં આવેલી છે.ત્યારબાદ આ કામે અરજદાર તરફે આંક–૫૪ થી લેખિત દલીલ રજુ થયેલી છે તે વંચાણે લીધી અને દલીલના સમર્થનમાં નામદાર સર્વોચ્ચ અદાલતોના ચુકાદાઓ રજુ રાખેલા છે તે વંચાણે લીધા તથા સામાવાળા નંબર ૩ તરફે વિધ્વાન વકીલશ્રીની લંબાણપુર્વકની મૌખિક દલીલો સાંભળવામાં આવેલી છે.

:::::: કા ર ણો :::::

મુદા નંબર :૧ : બેદરકારી(નેગ્લીજન્સી)ની ચર્ચા

(૯) આ કામમાં અરજદારની અરજીની વિગત ધ્યાનમાં લેવામાં આવે તો તે હકીકત સ્પષ્ટ થાય છે કે,બનાવના દિવસે એટલે કે તા.૧૧/૪/૨૦૨૩ ના રોજ આ કામના અરજદાર સામાવાળા નં.૨ ની માલીકીની સુઝુકી એકસેસ નં.જી.જે.૧૨.ઈ.કયુ.૧૨૭૦ વાળીમાં પાછળ બેસીને મુસાફરી કરી રહેલ હતા અને સદરહુ વાહન સામાવાળા નં.૧ પુરઝડપે,બેદરકારીથી અને ગફલતભરી રીતે રસ્તાના નિયમોનું ઉલ્લંઘન કરી અન્યોની જાનમાલની પરવાહ કર્યા વિના ચલાવી રહેલ હતા અને જયારે બનાવ સ્થળે પહોંચેલ કે જે વણાંકવાળો રસ્તો છે ત્યાં પહોંચેલ ત્યારે સામાવાળા નં.૧ બેધ્યાન થઈને વાહન ચલાવતા હોવાના કારણે સામેથી આવતી ફોર વ્હીલર ગાડી જોઇને હેબતાઇ ગયેલ જેથી વાહન સ્ટેરીંગ પર કાબુ રાખી શકેલ નહી જેના કારણે વાહન સ્લીપ થઇ નીચે પડતા અકસ્માત થયેલ અને તેમાં અરજદારને ગંભીર ઇજાઓ થયેલ અને આ અકસ્માત સામાવાળા નં.૧ વાહનના ચાલકની બેદરકારીના લીધે બનેલ છે અને સામાવાળા નં.૨ સદર વાહનના માલીક છે અને સામાવાળા નં.૩ સદર વાહનની વિમા કંપની છે તે રીતે સામાવાળાઓ આ કામના અરજદારને સંયુકત તેમજ પૃથ્થક પૃથ્થક રીતે વળતર ચુકવવા માટે હકકદાર છે. સદરહુ હકીકત પુરવાર કરવા માટે અરજદાર તરફથી સ્વયં અરજદારનું પુરાવાનું સોગંદનામું આંક–૧૬ થી રજુ કરેલ છે જેમાં પણ અરજદારે ઉપરોકત હકીકતોનું સમર્થન કરેલ છે.વધુમાં, અરજદાર તરફે સદરહુ હકીકતો પુરવાર કરવા માટે આંક–૨૦ થી માનકુવા પોલીસ સ્ટેશનનો એમ.એલ.સી.નો ઉતારો રજુ રાખેલ છે જેમાં

બનાવના દિવસે અકસ્માત થયેલ હોવાની હકીકત દર્શાવવામાં આવેલ હોવાનું ફલીત થાય છે.વધુમાં,આંક–૨૧ થી સ્થાનિક જગ્યાનું પંચનામું રજુ થયેલ છે જે ઝીણવટભરી રીતે વંચાણે લેતાં સામાવાળાનું વાહન બનાવ સ્થળે પડેલ હોવાની હકીકત જણાઇ આવે છે તેમજ વાહનમાં ધસરકાનું નિશાન પણ જણાઇ આવેલ છે તેમજ સામાવાળા નં.૧ પણ પંચનામા સમયે હાજર હોવાનું જણાય છે અને તેઓ ધ્વારા અકસ્માત થયેલ હોવાની હકીકતને સમર્થન આપવામાં આવેલ હોવાનું જણાઇ આવે છે અને અકસ્માત થતાં અરજદારને ઈજાઓ થયેલ હોવાની હકીકત પણ પંચનામું જોતાં જણાઈ આવે છે.વધુમાં, આ અકસ્માત થયા બાદ આ કામના અરજદાર ભુજ મધ્યે આવેલ લેવા પટેલ હોસ્પીટલમાં સારવાર અર્થે તે જ દિવસે ગયેલ હોવાની હકીકત આંક–૨૪ થી રજુ થયેલ અરજદારની ડીસ્ચાર્જ સમરી પરથી પણ જણાઈ આવે છે.વધુમાં, અકસ્માતમાં સામાવાળા નં.૧–૨ વાળા ચાલક તથા માલિકની અકસ્માતમાં તેઓની કોઈ બેદરકારી ન હતી તે મતલબનો કોઈ ખંડનાત્મક પુરાવો તેઓ ધ્વારા રજુ કરવામાં આવેલ નથી તેમજ તેઓ અદાલત સમક્ષ હાજર પણ રહેલા નથી. તે જ રીતે સામાવાળા નં.૩–૪ વિમા કંપની ધ્વારા પણ કોઈ સાક્ષી તપાસી કે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરી તેવી વિગતો વિરુધ્ધ રેકર્ડ પર મુકવા પ્રયત્ન કરવામાં આવેલ નથી કે અરજદારની અરજી તથા સરતપાસમાં જણાવેલી હકીકતોમાં કોઈ વિરોધાભાસ ઉભો થાય.આ કામે વિમા કંપની તરફે તેમના વિધ્વાન વકીલશ્રીએ તેમના દાવા જવાબમાં આ કામે ફરીયાદ દાખેલ થયેલ નથી જેથી અકસ્માતની હકીકતોને સમર્થન મળતું નથી તેવી તેમણે તકરાર ઉપસ્થીત કરેલ છે પરંતુ આ કામે અરજદાર તરફે રજુ થયેલ એમ.એલ.સી.ની જાહેરાત તથા પંચનામું તથા સારવારના પેપર્સ જોતાં બનાવના દિવસે અકસ્માત થયેલ હોવાનું અને અકસ્માતમાં થયેલ ઈજા સબબ અરજદારે સારવાર લીધેલ હોવાની હકીકતને સમર્થન મળે છે અને માત્ર ફરીયાદ દાખલ થયેલ નથી તેટલા માત્રથી અકસ્માતનો કોઈ બનાવ બનેલ નથી તેવી વિમા કંપનીની તકરાર ગ્રાહય રાખવાપાત્ર જણાઈ આવતી નથી.તે સંજોગોમાં અરજદાર પક્ષ બનાવના દિવસે અકસ્માત થયેલ હોવાનું અને અકસ્માતના લીધે અરજદારને ઈજાઓ થયેલ હોવાનું અને તે ઈજાઓ સબબ અરજદારે સારવાર લીધેલ હોવાનું અને આ અકસ્માત સામાવાળા નં.૧ની બેદરકારીના કારણે બનેલ હોવાની હકીકત

શંકાથી પર સાબિત કરી શકેલ છે તેમ માનવાને સ્પષ્ટ કારણ રહે છે.અહી નોંધનીય છે કે, દરેક વાહન ચાલકની એ ફરજ છે કે, તેઓ પોતાના વાહનો લઈને રોડ ઉપર નીકળે ત્યારે તે રોડ ઓછા ટ્રાફીકવાળો હોય કે વધારે ટ્રાફીકવાળો હોય કે હાઈ–વે હોય તેમજ સમય પણ દિવસ હોય કે રાત્રી હોય તો પણ દરેક વાહન ચાલકે પોતાનું વાહન પોતાનાથી કંટ્રોલ થઈ શકે તેટલી જ સ્પીડથી ચલાવવું જોઈએ કે જેથી કરીને આકસ્મીક સંજોગો અને અણધારી પરિસ્થીતી ઉદભવે તો તે વાહન ચાલક પોતાના વાહન ઉપર કાબુ મેળવી શકે.પરંતુ મારી સમક્ષના કિસ્સામાં અકસ્માતમાં સંડોવાયેલ વાહનના ચાલકે પોતાના કબ્જાના વાહન ઉપર કાબુ કરવાની કાબેલીયત નિભાવવામાં નિષ્ફળ નિવડેલ હોઈ અને અરજદાર તરફે જે પુરાવો રજુ થયેલો છે તે જોતાં તેમાં સામાવાળા નં.૧ ની બેદરકારી જણાઈ આવતી હોય જેથી મુદા નં.૧ નો જવાબ આથી હકારમાં આપવામાં આવે છે.

<u>મુદા નંબર :૨</u>

<u>(૧૦) આવક</u>

આ કામમાં અરજદારનું આંક–૧૬ થી અત્રેની ટ્રીબ્યુનલ સમક્ષ સોગંદ પર પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે અને તેઓની સોગંદ પરની જુબાની દરમ્યાનનો પુરાવો જોવામાં આવે તો તેઓ એકંદરે તેમની વળતર અરજીની હકીકતને સમર્થન આપતો પુરાવો રજુ કરેલ છે.અરજદારના કથન મુજબ અકસ્માતના કારણે થયેલ ઈજા સબબ સારવાર લીધેલી અને અકસ્માતમાં ઈજા થવાથી તેઓને કાયમી ખોડ રહી જવા પામેલ છે.અકસ્માત પહેલા અરજદાર તંદુરસ્ત હતા અને સીલાઈકામના સારા કારીગર હતા અને લેડીઝ ડ્રેસ સીવી માસિક રૂા.૧૫,૦૦૦/– થી વિશેષ કમાવતા હતા અને ધરનું તમામ કામકાજ કરતા હતા અને અકસ્માત થયેલ ન હોત અને ઈજાઓ થયેલ ન હોત તો હાલે વધુ કામ કરી શકયા હોત પરંતુ અકસ્માત થતાં તેઓ પહેલા જેમ કામકાજ કરી શકતા નથી અને કાર્યક્ષમતામાં ધટાડો થયેલ છે.પરંતુ અરજદાર ધ્વારા તેઓ કામધંધો અકસ્માત પહેલા કરતા હતા તે દર્શાવવા માટે તેઓએ આવકનો કોઈ આધાર આ કામે રજુ રાખેલ નથી અને વિમા કંપની તરફે થયેલ ઉલટતપાસમાં પણ અરજદાર ધ્વારા આ હકીકત સ્વીકારવામાં આવેલી છે.જે હકીકતને

ધ્યાનમાં રાખતા મીનીમમ વેજીસ મુજબ બનાવનો સમયગાળો જોતાં અરજદારની માસિક આવક રૂા.૧૧૪૬૬/- માનવી યોગ્ય અને ન્યાયોચિત જણાય છે.

(૧૧) કાયમી ખોડ,ઉમર અને મલ્ટીપ્લાયર

આ કામમાં અરજદાર તરફે તેઓએ બનાવ સબબ સારવાર લીધેલ તે અન્વયે આંક-૪૬ થી ડોકટરશ્રીનું કાયમી ખોડ સબબનું સર્ટી રજુ થયેલ છે જે આંક-૪૬ વાળુ સર્ટી વંચાણે લેતાં અરજદારની કાયમી ખોડ ૧૪% ગણવામાં આવે તો વાંધો નથી તેવો શેરો ભરવામાં આવેલ છે અને તે બંને પક્ષોએ કબુલ મંજુર રાખેલ છે. તે રીતે અરજદાર તરફે રજુ થયેલ ખોડનું સર્ટી જોતાં અરજદારને આખા શરીરે રહેલ કાયમી ખોડ ૧૪% ગણવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ અત્રેની અદાલતનું માનવું છે.તે રીતે અરજદારની ૧૪% કાયમી ખોડ ગણવામાં આવતા અરજદારના ભવિષ્યની આવકની નુકશાની અંગેની ગણતરી જોઇએ તો **૧૧૪૬૬ x ૧૨x ૧૪% = ૧૯૨૬૨.૮૮ પૈસા એટલે કે રૂા.૧૯,૨૬૩/-** થાય છે અને અકસ્માત સમયે અરજદારની ઉમર જોવામાં આવે તો અરજદારે પોતાની અરજીમાં ઉમર ૨૦ વર્ષ દર્શાવેલ છે અને સામાવાળા તરફે થયેલ ઉલટતપાસમાં પોતાની જન્મ તારીખ દર્શાવવા માટે તેઓએ આધારકાર્ડ રજુ રાખેલ છે તે મુજબ અકસ્માત સમયે તેઓની ઉમર ૨૦ વર્ષની હતી તેવી સ્પષ્ટ હકીકતો અરજદારે જણાવેલી છે તેમજ અરજદારે આંક-૩૦ થી પોતાનું આધારકાર્ડ પણ રજુ રાખેલ છે તે જોતાં અકસ્માત સમયે અરજદારની ઉમર ૨૧ વર્ષની હોવાનું જણાઇ આવે છે.આમ,નામદાર સુપ્રિમ કોર્ટના સરલા વર્મના ચુકાદાને ધ્યાને લઇ અરજદારની ઉમર ૨૧ વર્ષ ધ્યાને લઇ ૧૮ નો મલ્ટીપ્લાય આપવામાં આવે છે.જેથી **૧૯૨૬૩ x ૧૮ = ૩,૪૬,૭૩૪/-** ભવિષ્યની આવકની નુકશાનીના મેળવવા હકકદાર રહે છે.

(૧૨) આવક ગુમાવવાના

આ કામના અરજદારે પોતાની વળતર અરજીમાં પ્રથમ છ માસની આવક ગુમાવવાના રૂા.૯૦,૦૦૦/- ના વળતરની માંગણી કરેલી છે.પરંતુ આ કામના અરજદારને થયેલ ઇજાઓને ધ્યાને લેતાં આ કામના અરજદારને એકચ્યુઅલ

લોસ ઓફ ઈન્કમ પેટે **રૂા.૧૧૪૬૬/–** નું વળતર આપવું યોગ્ય અને ન્યાયોચિત જણાય છે.

<u>(૧૩) મેડીકલ ખર્ચ પેટે</u>

આ કામના અરજદારે પોતાની વળતર અરજીમાં મેડીકલ ખર્ચ પેટે રૂા.૫૦,૦૦૦/–ના વળતરની માંગણી કરેલ છે.આ કામે અરજદાર તરફે આંક–૩૧ થી મેડીકલ બિલની સમરી સાથે મેડીકલ બિલો રજુ રાખેલ છે.આમ, અરજદારને થયેલ ઈજાઓ જોતાં તેમજ અરજદારે તે ઈજા સબબ લીધેલ સારવાર અંગેના જે બિલો રજુ થયેલા છે તે ધ્યાને લેતાં આ કામના અરજદારને **મેડીકલ ખર્ચ પેટે રૂા.૧૫૬૪૬/–** આપવા યોગ્ય અને ન્યાયોચિત જણાય છે.

<u>(૧૪) દુ:ખ,દર્દ,વેદના,પીડા,માનસિક આધાર વિગેરેના</u>

આ કામના અરજદારે પોતાની વળતર અરજીમાં દુ:ખ,દર્દ,વેદના વિગેરે પેટે રૂા.૫૦,૦૦૦/–નું વળતર માંગેલ છે પરંતુ અરજદારને થયેલ ઈજાઓ ધ્યાને લેતાં દુ:ખ,દર્દ વિગેરે પેટે **રૂા.૨૫૦૦/–**નું વળતર આપવું યોગ્ય અને વ્યાજબી જણાય છે.

<u>(૧૫) પૌષ્ટીક આહાર,એટેન્ડન્ટ ખર્ચ,વાહન્ વ્યવહાર વિગેરે</u>

આ કામના અરજદારે પોતાની વળતર અરજીમાં પૌષ્ટીક આહાર, એટેડન્ટ ખર્ચ તથા વાહન વ્યવહાર ખર્ચ પેટે રૂા.૩૫,૦૦૦/– નું વળતર માંગેલ છે.પરંતુ અરજદાર તરફે સદર હકીકતને પુરવાર કરવા માટે કોઈ આધારો રજુ કરવામાં આવેલ નથી.અરજદારને અકસ્માતમાં ઈજા થયેલ હોવાની હકીકત સાબિત થાય છે અને તેથી તેમને સારવાર કરાવવા તથા તેમને થયેલી ઈજાઓ ધ્યાનમાં લેતાં એટેન્ડન્ટ તરીકે કૌટુંબીક વ્યકિતની મદદ પણ લેવી પડેલ હશે અને તેઓએ લીધેલ સારવાર જોતાં તેઓને વાહન વ્યવહાર ખર્ચ પણ થયેલ હશે તે હકીકત ધ્યાને લેતાં અરજદારને પૌષ્ટીક આહાર, એટેડન્ટ ખર્ચ તથા વાહન વ્યવહાર ખર્ચ પેટે **રૂા.૨૫૦૦/–** નું વળતર આપવું યોગ્ય અને વ્યાજબી જણાય છે.

(૧૬) જવાબદારી

આમ, આગળ મુદા નં.૧ માં ચર્ચા કરી તે અનુસાર બનાવના દિવસે એટલે કે એટલે કે તા.૧૧/૪/૨૦૨૩ ના રોજ આ કામના અરજદાર સામાવાળા નં.૨ ની માલીકીની સુઝુકી એકસેસ નં.જી.જે.૧૨.ઈ.કયુ.૧૨૭૦ વાળીમાં પાછળ બેસીને મુસાફરી કરી રહેલ હતા અને સદરહુ વાહન સામાવાળા નં.૧ પુરઝડપે,બેદરકારીથી અને ગફલતભરી રીતે રસ્તાના નિયમોનું ઉલ્લંઘન કરી અન્યોની જાનમાલની પરવાહ કર્યા વિના ચલાવી રહેલ હતા અને જયારે બનાવ સ્થળે પહોંચેલ કે જે વણાંકવાળો રસ્તો છે ત્યાં પહોંચેલ ત્યારે સામાવાળા નં.૧ બેધ્યાન થઈને વાહન ચલાવતા હોવાના કારણે સામેથી આવતી ફોર વ્હીલર ગાડી જોઈને હેબતાઈ ગયેલ જેથી વાહન સ્ટેરીંગ પર કાબુ રાખી શકેલ નહી જેના કારણે વાહન સ્લીપ થઈ નીચે પડતા અકસ્માત થયેલ અને તેમાં અરજદારને ગંભીર ઈજાઓ થયેલ અને આ અકસ્માત સામાવાળા નં.૧ વાહનના ચાલકની બેદરકારીના લીધે બનેલ છે અને સામાવાળા નં.૨ સદર વાહનના માલીક છે અને સામાવાળા નં.૩ સદર વાહનની વિમા કંપની છે તે રીતે સામાવાળાઓ આ કામના અરજદારને સંયુકત તેમજ પૃથ્થક પૃથ્થક રીતે વળતર ચુકવવા માટે હકકદાર છે તેમ માનવાને સ્પષ્ટ કારણ છે.વધુમાં, આ કામે અરજદાર તરફે આંક–૨૨ થી સામાવાળાના વાહનની આર.સી.બુક રજુ થયેલી છે જેમાં માલિક તરીકે સામાવાળા નં.૨ નું નામ હોવાનું જણાઈ આવે છે તેમજ આંક–૨૩ થી સામાવાળાના વાહનની વિમા પોલીસી રજુ થયેલી છે જે વિમા પોલીસી સામાવાળા નં.૩ વાળી વિમા કંપનીની છે અને પોલીસી વંચાણે લેતાં અકસ્માત સમયે આ વાહનની વિમા પોલીસી અમલમાં હતી તેવું સ્પષ્ટ જણાઈ આવે છે.તેથી આ કામે વળતરની જે રકમ ચુકવવાની થાય છે તે સામાવાળા નં.૧–૨–૩ એટલે કે સુઝુકી એકસેસ નં.જી.જે.૧૨.ઈ.કયુ.૧૨૭૦ ના ચાલક, માલિક અને વિમા કંપનીની સંયુકત અને પૃથક પૃથક રીતે ચુકવવાની થાય છે.

આમ, ઉપરોકત વિગે અરજદાર નીચે મુજબના સામાવાળાઓ નં.૧ થી ૩ પાસેથી સંયુકત અને વિભકત રીતે નીચે મુજબની વિગતે વળતર મેળવવા હકકદાર બને છે.

(૧) રૂા.૩,૪૬,૭૩૪–૦૦ અરજદારની ભવિષ્યની આવકની નુકશાનીના

(૨) રૂા.૦,૧૧,૪૬૬–૦૦ આવક ગુમાવવાના

(૩) રૂા.૦,૧૫,૬૪૬–૦૦ મેડીકલ ખર્ચના

(૪) રૂા.૦,૦૨,૫૦૦–૦૦ દુઃખ,દર્દ વિગેરેના

(૫) રૂા.૦,૦૨,૫૦૦–૦૦ પૌષ્ટીક આહાર,એટેન્ડન્ટ,વાહન વ્યવહાર ખર્ચના

રૂા.૩,૭૮,૮૪૬–૦૦

આમ,હાલના અરજદાર ઉપરોકત વિગતે રૂા.૩,૭૮,૮૪૬/– રાઉન્ડ ઓફ રૂા.૩,૭૮,૮૦૦/– વળતર સામાવાળા નં.૧ થી ૩ પાસેથી સંયુકત રીતે તેમજ પૃથક–પૃથક રીતે મેળવવા હકકદાર છે.

(૧૭) અરજદાર તરફે વળતરની રકમ ઉપર ૧૮% લેખે સામાવાળાઓ વ્યાજ ચુકવે તેવી માંગણી કરવામાં આવેલ છે.આ હકીકત અનુસંધાને એ નોંધવું જરૂરી છે કે, હાલના હાથ પર કેસમાં અકસ્માત સને ૨૦૨૩ ની સાલમાં થયેલ છે, પ્રવર્તમાન વ્યાજ દર,ફુગાવો, ચીજવસ્તુઓના ભાવો, વિગેરે સંબંધે અરજદાર પક્ષે પુરાવામાં એવી કોઈ હકીકતો રજુ કરેલી નથી કે સાબિત કરેલ નથી કે જેના આધારે ૧૮ % વ્યાજ મેળવવા અરજદાર હકકદાર હોવાનું માની શકાય.,આ કેસ સને ૨૦૨૩ ની સાલથી પેન્ડીંગ છે તે બાબતે સામાવાળા જવાબદાર હોવાનું ગણી શકાય તેમ નથી.આ સંજોગોમાં વળતરની રકમ ઉપર અરજદાર ૧૮% લેખે વ્યાજ મેળવવા હકકદાર છે તેવી અરજદાર પક્ષની રજુઆત ગ્રાહય રાખવાપાત્ર જણાતી નથી જે જોતાં અરજદારને વળતરની રકમ પર ૭ ટકા વ્યાજ આપવું ન્યાયોચિત જણાય છે.આમ, અરજદાર વળતરની રકમ પર ૭ % વ્યાજના દરે સામાવાળાઓ પાસેથી સંયુકત અને વિભકત રીતે વસુલ લેવા હકકદાર થતા હોવાનું ઠરાવી મુદા નં.૨ નો નિર્ણય અંશત :હકારમાં આપી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

: આખરી હુકમ :

૧) અરજદારની આ વળતર અરજી ખર્ચ સહીત **અંશત : મંજુર** કરવામાં આવે છે.

૨) આ કામના સામાવાળા નં. ૧ થી ૩ વાળાઓએ સંયુકત રીતે અને પૃથક પૃથક રીતે આ કામના અરજદારને વળતર પેટે **રૂપીયા ૩,૭૮,૮૦૦/– (અંકે રૂપીયા ત્રણ લાખ અઠોતેર હજાર આઠસો પુરા)ની** રકમ અરજીની તારીખથી વળતરની રકમ વસુલ થતાં સુધી વાર્ષીક **૭%(સાત ટકા) પ્રમાણે સાદા વ્યાજ સહીત અરજદારને** ચુકવવા હુકમ કરવામાં આવે છે.

૩) આ હુકમની તારીખથી દિવસ–૩૦(ત્રીસ)માં સામાવાળા નં.૧ થી ૩ નાઓએ વળતરની રકમ આ ટ્રીબ્યુનલમાં જમા કરાવવી તેવો હુકમ ફરમાવવામા આવે છે.

૪) સામાવાળાઓ ધ્વારા આ રીતે વળતરની રકમ જમા કરાવવામાં આવે તેમાંથી પ્રથમ કોર્ટ ફીની થતી રકમ બાદ કરવી તથા વચગાળાના વળતર તરીકે ચુકવેલ રકમ બાદ કરવી અને ત્યારબાદ બાકી રહેતી રકમમાંથી **૬૦%(સાઈઠ ટકા) રકમ અરજદાર**ની મરજી મુજબની રાષ્ટ્રીયકૃત બેંકમાં **૫(પાંચ)** વર્ષ માટે ફીકસ ડીપોઝીટ કરવા હુકમ કરવામાં આવે છે.જયારે **૪૦%(ચાલીસ ટકા) રકમ અરજદારને** એકાઉન્ટ –પેઇ ચેકથી રોકડમાં ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

૫) અરજદાર,મોટર એકસીડન્ટ કલેઇમ ટ્રીબ્યુનલની પુર્વ પરવાનગી વગર, ફીકસ ડીપોઝીટની રસીદ નિર્ધારીત સમયમર્યાદા પહેલા વટાવી શકશે નહી કે તેના ઉપર લોન મેળવી શકશે નહી પરંતુ અરજદાર સંબંધિત બેંકમાંથી આ ડીપોઝીટ ઉપર પાકતું વ્યાજ મેળવી શકશે.

૬) તેમ છતાં, અરજદારને ભવિષ્યમાં આવશ્યક સંજોગોમાં, રકમની જરૂરીયાત ઉભી થાય તો, રકમ ઉપાડવા માટે સંબંધિત નામદાર ટ્રીબ્યુનલ સમક્ષ અરજી કરી શકશે.

૭) આ કામના સામાવાળા નં.૧ થી ૩ વાળાઓએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો અને અરજદારનો સપ્રમાણ ખર્ચ તેઓએ ભોગવવો.

૮) આ કામે અકસ્માત કરનાર સામાવાળા નં.૧ જો બનાવ સમયે સદરહુ વાહન ચલાવવા માટે વેલીડ ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવતા ન હોય તો વિમા કંપની આ વળતરની રકમ અરજદારને ચુકવ્યા બાદ સામાવાળા નં.૧–૨ પાસેથી તે વળતરની રકમ રીકવર કરી શકશે તેવો આથી હુકમ ફરમાવવામાં આવે છે.

૯) આ હુકમ મુજબ એવોર્ડ દોરવો.

આ હુકમ આજરોજ તારીખ : ૩૦મી,માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ મારી સહી કરીને વાંચી,સંભળાવીને ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૩૦/૦૩/૨૦૨૬
ભુજ–કચ્છ.

(વિ.એ.બુધ્ધ)
મોટર અકસ્માત વળતર પંચ(છઠા સહાયક)
ભુજ–કચ્છ.
(જજ કોડ નં.: જી.જે.૦૦૭૦૨)

NANDISH ACHARYA/PS